# સરક્યુલર નં- ૦૩ તા. ૧૦/૦૬/૨૦૨૬
# એ.એમ.સી.મેડીકલ એજ્યુકેશન ટ્રસ્ટ

વિષય : એ.એમ.સી.મેટ સંચાલિત કોલેજોના કર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને તા.૦૧/૦૧/૨૦૨૬ થી ૨% વધારાનો અમલ કરી ૬૦% મુજબ મોઘવારી ભથ્થુ ચુકવવા બાબત.

સંદર્ભ : એ.એમ.સી.નાણાંખાતુ સરક્યુલર નં. ૦૬ તા.૧૨/૦૫/૨૦૨૬.

એ.એમ.સી.મેટ સંચાલીત કોલેજોના કર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને હાલમાં ૭માં પગારપંચના બેઝીક પગારના ૫૫% મુજબ મોઘવારી ભથ્થુ ચુકવવામાં આવે છે. એ.એમ.સી મેટે મ્યુ.કોર્પોરેશનના ધોરણે ૭માં પગારપંચનો એવોર્ડ સ્વીકારેલ છે. તે મુજબ વખતો વખત એ.એમ.સી મેટ સંચાલીત કોલેજોના કર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને મ્યુ.કોર્પોના ધોરણે મોઘવારી ભથ્થાનો લાભ આપવાનો થાય છે.

અ.મ્યુ.કોર્પોના નાણાં ખાતાના સંદર્ભિત સરક્યુલર નં. ૦૬ તા.૧૨/૦૫/૨૦૨૬ અન્વયે ચેરમેનશ્રી, (એ.એમ.સી મેટ) શ્રીના ઠરાવ નં- ૩૪ તા.૦૪/૦૬/૨૦૨૬ થી મળેલ મંજુરી અનુસાર એ.એમ.સી મેટ સંચાલિત કોલેજોના તમામ વડાઅધિકારીઓશ્રીઓને, આસી.ડાયરેકટરશ્રીઓને તેમજ બીલ કલાર્કશ્રીઓને જણાવવાનું કે, એ.એમ.સી મેટ સંચાલિતકર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને તા. ૦૧/૦૧/૨૦૨૬ થી મોઘવારી ભથ્થાના ૫૮%ના દરમાં ૨% પ્રમાણે વધારો કરી ૭માં પગારપંચના બેઝીક પગારના ૬૦% ના ધોરણે મોંઘવારી ભથ્થુ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

| ચુકવવાપાત્ર તારીખ (અમલ તારેખ) | ચુકવવાપાત્ર મોંઘવારી ભથ્થાનો માસિક દર |
|---|---|
| ૦૧/૦૧/૨૦૨૬ | મુળ પગારના ૬૦% |

હવેથી ૭માં પગારપંચના મુળ પગારના ૬૦% મુજબ મોંઘવારી ભથ્થાની રકમ એ.એમ.સી મેટનાકર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને નીચે મુજબ ચુકવવાની રહેશે.

1. એ.એમ.સી.મેટ કોલેજોના કર્મચારીઓ તથા તબીબી શિક્ષકોને વધેલ ૨% મોઘવારી ભથ્થુ માહે મે-૨૦૨૬ (પેઇડ ઇન માહે જુન-૨૦૨૬)ના પગારમાં ચુકવવાની.
2. જાન્યુઆરી-૨૦૨૬ થી એપ્રિલ-૨૦૨૬ સુધીના ૨% વધારા મુજબના કુલ-૪માસના ચુકવવા પાત્ર મોંઘવારી ભથ્થાના તફાવતની રકમ એ.એમ.સી. નાણાં ખાતા સરક્યુલર નં. ૦૬ તા.૧૨/૦૫/૨૦૨૬ મુજબ કર્મચારીઓને માહે-મે-૨૦૨૬ (પેઇડ ઇન માહે-જુન-૨૦૨૬) ના પગારમાં ચુકવવામાં આવશે.
3. એ.એમ.સી.મેટના પેન્શનરોને માહે-મે-૨૦૨૬ (પેઇડ ઇન માહે જુન-૨૦૨૬)ના પગારમાં લાગુ પડતા પેન્શન વિભાગ મારફતે ચુકવવામાં આવશે.
4. EPF, GPF, અને NPS ના કર્મચારીઓને પણ મુદ્દા નં. ૦૨ મુજબ ચુકવવાના રહેશે.

ડાયરેકટર
એ.એમ.સી મેટ

AMC MEDICAL EDUCATION TRUST
AHMEDABAD MUNICIPAL CORPORATION

**AMC MET Office:** GF, Smt. NHL Municipal Medical College, SVP Hospital Campus, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat), INDIA. **E-mail:** dydiramcmet@gmail.com **Website:** www.amcmet.org